| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| હવામાન અંકલેશ્વર | ૩૧.૦° સે. | ૧૬.૦° સે. |
| બારડોલી | ૩૦.૦° સે. | ૧૫.૦° સે. |
| ભરૂચ | ૩૧.૦° સે. | ૧૫.૦° સે. |
| વ્યારા | ૩૦.૦° સે. | ૧૫.૦° સે. |

# બારડોલી-વ્યારા-ભરૂચ

ગુજરાતમિત્ર

બારડોલી : ૦૨૬૨૨-૨૨૦૪૮૪ | ભરૂચ : ૯૪૮૪૯૯૬૩૨૪






**જૂના ભરૂચમાં સ્માર્ટ મીટરના નામે રૂ.6,62,484નું તોતિંગ વીજબિલ ફટકારવામાં આવતાં ગ્રાહક ચોંકી ઊઠ્યો હતો**

# 6.62 લાખનું વીજબિલ 'શૂન્ય'!

## આખરે ભૂલ સુધરી

**સ્માર્ટ** મીટરની ગંભીર ક્ષતિ બાદ DGVCLના કર્મચારી દોડતા થયા

**લાખોનું** બિલ માથે મારી દેનારી કંપનીએ ઊલટાના 306 રૂપિયા ચૂકવવા પડશે

ભરૂચઃ જૂના ભરૂચમાં સ્માર્ટ મીટરના નામે ગ્રાહકને ફટકારવામાં આવેલા 6,62,484 રૂપિયાના તોતિંગ વીજબિલના સમાચાર 'ગુજરાત મિત્ર'માં પ્રસિદ્ધ થતા જ વીજ કંપનીમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. અખબારી અહેવાલની ગંભીરતા અને લોકોમાં ઊઠેલા આક્રોશને પારખી ગયેલી DGVCL (દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ) એ તાબડતોબ એક્શન મોડમાં આવીને પોતાની ભૂલ સુધારી લીધી છે. જે ગ્રાહકને સાડા છ લાખનું બિલ આપી માનસિક તણાવમાં મૂકી દેવાયા હતા, તેમને હવે વીજ કંપનીએ સામેથી 306.12 રૂપિયા આપવાના નીકળ્યા છે.

ભરૂચના કંસારવાડના રહેવાસી દીક્ષિતભાઈ રાણાના ઘરે સોલાર પેનલ હોવા છતાં સ્માર્ટ મીટર લગાવ્યા બાદ નવેમ્બર માસનું બિલ 6,62,484 જેવી અકલ્પનીય રકમનું આવ્યું હતું. આ સમાચાર મીડિયામાં ચમકતા જ DGVCLના કર્મચારીઓ તાત્કાલિક દીક્ષિતભાઈના ઘરે દોડી આવ્યા હતા. વીજ કંપનીના કર્મચારીએ કબૂલાત કરી હતી કે સ્માર્ટ મીટરની ગણતરીમાં જ ટેકનિકલ ખામી રહી ગઈ હતી.



અધિકારીઓએ ગ્રાહકની રૂબરૂ મુલાકાત લઈ દિલસોજી પાઠવી હતી અને સ્થળ પર જ નવું સુધારેલું બિલ બનાવી આપ્યું હતું.

નવા સુધારેલા બિલની ગણતરી મુજબ દીક્ષિતભાઈનો તમામ ટેક્સ અને ચાર્જ સાથેનો કુલ વપરાશ 1776.30 રૂપિયા થયો હતો. જેની સામે તેમના અગાઉના 30.42 રૂપિયા જમા હતા તે બાદ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેમના ઘરે લાગેલી સોલાર પેનલ દ્વારા જનરેટ થયેલી અને કંપનીએ ખરીદેલી વીજળીના 2052 રૂપિયા પણ બાદ કરવામાં આવ્યા હતા. આ તમામ ગણતરીના અંતે દીક્ષિતભાઈએ કંપનીને એકપણ રૂપિયો ચૂકવવાનો રહેતો નથી, પરંતુ કંપનીએ ગ્રાહકને -306.12 રૂપિયા આપવાના નીકળ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સામાન્ય જનતા માટે આ મીટરો 'આર્થિક આતંક' સમાન બની રહ્યા છે. ત્યારે સરકારી તંત્રે હવે આ બાબતે પ્રજામત જાણવાની જરૂર છે. જો તંત્ર હજુ પણ લોકલાગણીને નહીં સમજે અને જબરદસ્તી ચાલુ રાખશે તો જનતાનો આક્રોશ વધુ ઉગ્ર બનશે તે નક્કી છે.

### તંત્ર પરનો વિશ્વાસ પુનઃ સ્થાપિત થયો છેઃ દીક્ષિતભાઈ રાણા

દીક્ષિતભાઈ રાણાએ જણાવ્યું હતું કે, ભૂલની જાણ થતા જ DGVCL-ભરૂચના કર્મચારીઓ જે રીતે મારા ઘરે આવ્યા અને નમ્રતાપૂર્વક માફી માંગી બિલ સુધારી આપ્યું તે ખરેખર સરાહનીય છે. કંપનીએ ગ્રાહકની મુશ્કેલી સમજીને જે ઝડપે પ્રતિસાદ આપ્યો તેનાથી મારો તંત્ર પરનો વિશ્વાસ પુનઃ સ્થાપિત થયો છે અને અધિકારીઓની આવી કાર્યનિષ્ઠા ખરેખર બિરદાવવા લાયક છે. પરંતુ સ્માર્ટ મીટરમાં આવતી આવી ક્ષતિઓ અન્ય સામાન્ય નાગરિકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે.

# વડોદરા અને વાપી રૂટની ટ્રેનોમાં કિન્નરોનો ત્રાસ, DRMને ફરિયાદ

**ગેરકાયદે** પૈસાની ઉઘરાણી, અભદ્ર વર્તન અને ધાક-ધમકીથી મુસાફરો પરેશાન

**દારૂ પીધેલી** હાલતમાં ઝઘડા કરતા કિન્નરો સામે કડક કાર્યવાહીની માંગ

હથોડાઃ કોસંબા સહિત વડોદરાથી વાપી સુધીના રેલવે રૂટ પર દોડતી દૈનિક ટ્રેનોમાં કિન્નરો દ્વારા કરવામાં આવતી ગેરકાયદે ઉઘરાણી અને મુસાફરોની હેરાનગતિ રોકવા માટે રેલવે તંત્રના ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરવામાં આવી છે. માંગરોળના તરસાડી ખાતે રહેતા જાગૃત નાગરિક બળવંત ઈશ્વરભાઈ પંચાલે વડોદરાના ડી.આર.એમ.



ઈબ્રાહીમ કાનુ

તેમજ મુંબઈ સ્થિત રેલવેની ઉચ્ચ કચેરીઓમાં આ અંગે ગંભીર ફરિયાદ કરી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર વડોદરા, સુરત, ઉધના અને વાપી જેવા રૂટ પર દરરોજ હજારો મુસાફરો નોકરી-ધંધા કે અન્ય કામકાજ અર્થે ટ્રેનમાં અવરજવર કરે છે. આ ટ્રેનોમાં ટિકિટ અને પાસ હોલ્ડરો તેમજ રિઝર્વેશન ધરાવતા મુસાફરો પાસેથી કિન્નરો દ્વારા બળજબરીપૂર્વક પૈસાની માંગણી કરવામાં આવે છે. જો મુસાફરો પૈસા આપવાની ના પાડે તો તેમને અપશબ્દો બોલી પરેશાન કરવામાં આવે છે. ઘણીવાર કિન્નરો પરિવાર સાથે મુસાફરી કરતા મુસાફરોને શરમમાં મૂકી દે તેવું અભદ્ર ગેરવર્તન કરે છે અને ધાકધમકી આપી પોતાનાં વસ્ત્રો ઊંચા કરવા જેવાં શરમજનક કૃત્યો પણ કરતા હોય છે.

વધુમાં રજૂઆત કરાઈ છે કે, કેટલાક કિન્નરો નશાની હાલતમાં ટ્રેનમાં ચઢીને મુસાફરો સાથે ખોટા ઝઘડા કરે છે, જેના કારણે સામાન્ય મુસાફરોમાં ભયનો માહોલ જોવા મળે છે. ટ્રેનોમાં રોજેરોજ મુસાફરી કરતા મુસાફરોની આ હાલાકી અને અસુરક્ષિતતાને ધ્યાને લઈ, રેલવે પોલીસ તંત્ર દ્વારા ટ્રેનોમાં નિયમિત ચેકિંગ હાથ ધરવામાં આવે અને કિન્નરોની આ ગેરકાયદે પ્રવૃત્તિઓ પર કડક અંકુશ લાવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મસાડ પાસે બ્રિજની કામગીરી દરમિયાન ડમ્પર કેનાલમાં પલટી ગયું



બારડોલીઃ સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં મસાડ ગામની સીમમાં કેનાલ પર ચાલી રહેલા બ્રિજના નિર્માણ કાર્ય દરમિયાન માટી ખાલી કરી રહેલું એક ડમ્પર અચાનક સંતુલન ગુમાવતા કેનાલમાં પલટી મારી ગયું હતું. ડમ્પર એટલી જોરદાર રીતે પલટ્યું કે તેનો પાછળનો ભાગ બોડીથી અલગ થઈ ગયો હતો. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

### તાંતીથૈયા પાસે ચપ્પુ સાથે ફરતો યુવક પકડાયો

પલસાણાઃ કડોદરા GIDC પોલીસ સ્ટેશનના અર્જુનસિંહ અને તેમની ટીમ જ્યારે તાંતીથૈયા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે ભૂમી મિલ પાસે એક યુવકની ઝડતી લીધી હતી. ગૌરવ ઉર્ફે દુર્લભ વાલ્મીક રાજપૂત (ઉંમર ૨૩ વર્ષ) નામના આ યુવાનના કમરના ભાગે રૂપિયા 300ની કિંમતનું ચપ્પુ મળી આવતા તેની ધરપકડ કરવામાં આવી હતી.

### વાવથી વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

પલસાણાઃ વાવ ગામે લિસ્ટેડ બુટલેગર અનિલ ઉર્ફે ગુલીયાએ રંજનબેન ભાલીયાના ઘરના વાડામાં દારૂનો જથ્થો સંતાડ્યો છે. સુરત ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાન્ચે દરોડો પાડીને ત્યાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની-મોટી બોટલો અને બીયરના ટીન મળી કુલ 1631 નંગ કિંમત 3,87,740 રૂપિયા કબ્જે કર્યો હતો. પોલીસે દારૂ સાથે 42 વર્ષીય અનિલ ઉર્ફે ગુલીયા સુરસંગભાઈ ગોહીલની ધરપકડ કરી છે, જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય એક આરોપી સલમાન ફારૂક પઠાણને વોન્ટેડ જાહેર કર્યો છે.

### આજે રાજાકૂવા ગામે સંત મેળાવડો યોજાશે

નેત્રંગઃ રાજાકૂવા ગામે નિરાંત મંદિર ખાતે જશુદાસ મહારાજ અને ગામજનો દ્વારા આજે તા.૩ જાન્યુઆરી ને શનિવારે પોષી પૂનમ નિમિત્તે ૩૯મા સંત મેળાવડાની સાથે સાથે ભજન-સત્સંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સાંજના પાંચ વાગ્યાથી મહાપ્રસાદી સાથે કાર્યક્રમની શરૂઆત થશે.

### મીરકોટ પાસે પિકઅપ ટેમ્પોએ બાઇકને ટક્કર મારતાં એકનું મોત

વ્યારાઃ નંદુરબારના મોટી કઢવાણના કિરણભાઇ સાંતારામ વળવી ગતરોજ હીરો કંપનીની પોતાની બાઇક ગાડી નં.(MH-39-A 0237)ને ઉચ્છલના મીરકોટમાંથી પસાર થતા હતા. દરમિયાન અજાણ્યા પિકઅપના ટેમ્પો ચાલકે પોતાનો ટેમ્પો ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતાં કિરણભાઈ સાંતારામ વળવીને પગના ભાગે ફ્રેક્ચર થયું હતું. જ્યારે બાઈક પર પાછળ બેઠેલા ફરિયાદીના પુત્ર સુનીલ ગુરિયાભાઈ ગાવીત (ઉં.વ.21) (રહે.,સુલી ગામ, જૂની પાટીલ ફળિયું, તા.નવાપુર)નું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.

### નિઝરના કોઠલીના યુવાન પાસે રૂ.47 હજાર ખંખેરી લેવાયા

કુકરમુંડાઃ નિઝરના કોઠલી ગામના રહેવાસી સોમનાથભાઈ રમણભાઈ વળવી (ઉં.વ.આ.૨૦) (ધંધો-મજૂરી) દ્વારા નિઝર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર તા.૨/૧૨/૨૦૨૫ના રોજ બપોરે ૩:૩૦થી સાંજે ૫:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન અજાણ્યા મોબાઇલ નંબરો પરથી ફોન કરી પોતે સાયબર ક્રાઇમ દિલ્હી તરફથી બોલી રહ્યા હોવાનું કહી ફરિયાદીને ગેરમાર્ગે દોરવામાં આવ્યો હતો. ફરિયાદીને જણાવવામાં આવ્યું હતું કે, તેના નામે સાયબર ક્રાઇમ દિલ્હી ખાતે એફ.આઈ.આર. દાખલ થઈ છે અને તે ફાઇલ બંધ કરાવવા માટે રૂપિયા ભરવા પડશે. આ વાતમાં આવી જઈ ફરિયાદીએ ફોન-પે દ્વારા અલગ-અલગ રકમો રૂ.૨૦૦૦, રૂ.૨૦૦, રૂ.૫૦૦૦, રૂ.૫૦૦, રૂ.૪૦૦૦, રૂ.૫૦૦, રૂ.૩૦,૦૦૦ તથા રૂ.૫૦૦૦ એમ કુલ રૂ.૪૭,૨૦૦ ટ્રાન્સફર કરી દીધા હતા. બાદમાં રકમ પરત ન મળતાં પોતે ઓનલાઈન ઠગાઈનો ભોગ બન્યો હોવાનું જાણવા મળ્યું હતું. આ સમગ્ર ઘટનાને પગલે નિઝર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ધામડોદ લુંભામાં ટ્રેન અડફેટે યુવાનનું મોત

બારડોલીઃ સાગબારાના પલાસવાડા ગામનો વતની વિઠ્ઠલકુમાર તાપસીંગભાઇ વળવી (ઉં.વ.૨૫) ગત તા.૩૧/૧૨/૨૦૨૫ના રોજ રાત્રિના આશરે ૮:૩૦ વાગ્યાના સુમારે ધામડોદ ગામની સીમમાં આવેલી રેલવે ફાટક પરથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન રેલવે ટ્રેક ક્રોસ કરતી વખતે તે અચાનક ટ્રેનની અડફેટે આવી ગયો હતો. આથી સારવાર માટે બારડોલીની સરદાર હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

### બારડોલીમાં ઓવરલોડ બગાસની ટ્રકો બની જોખમી



બારડોલીઃ બારડોલી-નવસારી રોડ સરભોણ અને નિણત ગામની સીમમાં આવેલી પ્લાયવૂડ અને બોર્ડ બનાવતી ફેક્ટરીઓમાં જતી ટ્રકો નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરી રહી છે. આ ટ્રકોમાં બગાસ એટલી હદે ઓવરલોડ ભરવામાં આવે છે કે તે આખા રસ્તે વેરાતું રહે છે, જેના કારણે માર્ગ પર સફેદ રજકણોનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. અકસ્માતનો પણ ભય સેવાઇ રહ્યો છે. ખુલ્લી ટ્રકોમાંથી ઊડતી આ રજકણો સીધી ટુ-વ્હીલર ચાલકોની આંખોમાં પડતાં વાહન પરનું સંતુલન બગડે છે. અકસ્માતો સર્જાઈ શકે છે.

### ઓનલાઈન ફ્રોડ, ડોલવણના પીઠદરા ગામમાં પોસ્ટ માસ્ટર સાથે છેતરપિંડી

વ્યારાઃ ડોલવણના પીઠદરા ગામે બ્રાન્ચ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા યુવક ઇન્સ્ટાગ્રામ પર આસિસ્ટન્ટ મેનેજરની લોભામણી જાહેરાતમાં ફસાઈ 22,950 ગુમાવ્યા હોવાની ઘટના સામે આવી છે. મૂળ મહેસાણાના વિજાપુરના વતની 20 વર્ષીય તીર્થ મનોજકુમાર પટેલે આ અંગે ડોલવણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

### ખોલવડના પુલ પરથી તાપીમાં કૂદેલી યુવતીને બચાવી લેવાઈ

કામરેજઃ ખોલવડ-આંબોલી તાપી નદીમાં નવાગામમાં રહેતી યુવતીએ છલાંગ લગાવી હતી.પરંતુ સદનસીબે યુવતિને માછીમારી કરતાં યુવાનોએ બચાવી લીધી હતી.

કામરેજ તાલુકાના નવાગામ કોલોનીમાં રહેતી યુવતીએ શુક્રવારના રોજ ખોલવડ-આંબોલી તાપીનદીના પુલ પરથી છલાંગ લગાવી હતી.યુવતિ જેવી તાપીનદીના પાણીમાં પડી કે બાજુમાં જ એક નાવડીમાં માછીમારી કરતાં લોકોએ તેને બચાવી લીધી હતી.જો કે યુવતિએ પુલની ઉપર થી છલાંગ લગાવતા શરીરેના ભાગે ઈજા થઈ હતી. યુવતિને નદીના પાણીમાંથી બહાર કાઢી 108 માં સારવાર માટે કામરેજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવી હતી. યુવતીએ પ્રેમપ્રકરણમાં આ પગલુ ભર્યું હોવાનુ પોલીસની પ્રાથમિક પુછપરછમાં જાણવા મળ્યુ છે.

# અસલીનો ખેલ: બારડોલીમાં 'ડુપ્લિકેટ' પોલીસ ઝડપાયો

**બલેનો** કારની આગળ પોલીસની નેમ પ્લેટ રાખી હતી અને પોલીસ જેવો દંડો પણ બતાવતો હતો

**નવાપુરથી** આવતા સુરતના યુવાન સાથે કાર અથડાતાં સમગ્ર હકીકત બહાર આવી

બારડોલીઃ બારડોલી ટાઉન પોલીસે પોલીસ હોવાની ખોટી ઓળખ આપી સામાન્ય નાગરિકોને ડરાવનાર એક શખ્સને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટના ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ રાત્રિના આશરે આઠ વાગ્યાના સુમારે બની



હતી. ફરિયાદી શાકીરખાન બિસ્મિલ્લા હુસેન (રહે આઝાદ નગર, ભટાર, સુરત) અને તેમના મિત્રો પોતાની સ્વિફ્ટ ગાડીમાં નવાપુરથી આવી રહ્યા હતા, ત્યારે બારડોલીના ત્રણ વલ્લા બ્રિજ ઉપર તેમની ગાડી એક મારૂતિ સુઝુકી બલેનો (નંબરઃ GJ-19-BJ-5263) સાથે અથડાઈ હતી.

અકસ્માત બાદ બલેનો ચાલક ઈન્દ્રજીતસિંહ ખુમાનસિંહ રાજપૂતે શાકીરખાનની ગાડી ઉભી રખાવી હતી અને પોલીસ કર્મચારી તરીકેની ઓળખ આપી હતી. તેણે પોલીસ જેવી લાઠી બતાવી ફરિયાદી સાથે બોલાચાલી કરી ધમકી આપી હતી. વધુમાં, તેણે પોતાની ખાનગી બલેનો ગાડીના ડેશબોર્ડ પર 'POLICE' લખેલી પ્લેટ પણ લગાવી રાખી હતી. શાકીરખાનની અરજીના આધારે બારડોલી ટાઉન પોલીસે તપાસ હાથ ધરતા સત્ય બહાર આવ્યું હતું. તપાસ દરમિયાન આરોપી પાસે પોલીસનું આઈ-કાર્ડ માંગતા તે મળી આવ્યું ન હતું. પૂછપરછમાં જાણવા મળ્યું કે તે સુરત ગ્રામ્ય જિલ્લામાં 'ચેતક સિક્યુરિટી' ચલાવે છે.

પોલીસે આરોપી ઈન્દ્રજીતસિંહ ખુમાનસિંહ રાજપુત (ઉંમર ૪૫, રહે. સ્વસ્તિક નગર, ચલથાણ) વિરુદ્ધ એફ.આઈ.આર. નોંધી તેની ધરપકડ કરી છે. પોલીસ દ્વારા તેની પાસેથી 'POLICE' લખેલી પ્લેટ અને લાઠી કબજે કરવામાં આવી છે.

# વસરાઈમાં રાષ્ટ્રીય આદિવાસી ટ્રેડ ફેર સફરઃ 15 કરોડનો બિઝનેસ

**ચાર** દિવસ દરમિયાન 6.93 લાખ મુલાકાતીઓએ ફેરની મુલાકાત લીધી

અનાવલઃ અંબિકાના વસરાઈ ખાતે યોજાયેલ ચાર દિવસીય રાષ્ટ્રીય આદિવાસી ટ્રેડ ફેર (NTTF) ભવ્ય સફળતા સાથે સંપન્ન થયો છે. આ મહોત્સવે આદિવાસી વેપાર, ઉદ્યોગસાહસિકતા, સંસ્કૃતિ અને આર્થિક સશક્તિકરણના ક્ષેત્રે નવી દિશા ઊભી કરી છે. અધિકૃત આંકડા મુજબ ચાર દિવસ દરમિયાન કુલ 6.93 લાખ જેટલા મુલાકાતીઓએ ફેરની મુલાકાત લીધી હતી.

NTTFની આર્થિક અસર નોંધપાત્ર રહી છે. ફૂડ ઝોનમાં 1 કરોડથી વધુનું વેચાણ નોંધાયું છે, જ્યારે ટ્રેડ અને ફેર સ્ટોલ્સ મારફતે 4 કરોડથી વધુનું વેચાણ થયું છે. આ સાથે 15 કરોડથી વધુના નવા બિઝનેસ ઓર્ડર અને લીડ્સ જનરેટ થયા છે. ફેરના કારણે સ્થાનિક દુકાનો, વેન્ડર્સ, હોટેલ, ટ્રાન્સપોર્ટ વ્યવસાય અને આસપાસના વિસ્તારોને મળીને 5 કરોડથી વધુની પરોક્ષ આવક ઊભી થઈ હોવાનું અનુમાન છે.

ફેરમાં વિવિધ વર્ગના લોકોની વિશાળ ભાગીદારી જોવા મળી હતી. શૈક્ષણિક અને કારકિર્દી માર્ગદર્શન મેળવવા માટે 2 લાખથી વધુ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો, જ્યારે માર્કેટ લિંકેજ અને નવી તકો માટે 2 લાખથી વધુ ખેડૂતો ફેરમાં જોડાયા હતા. આ ઉપરાંત 25,000થી વધુ સફળ ઉદ્યોગકારો અને બિઝનેસ ઓનર્સ તેમજ 15,000થી વધુ રાષ્ટ્રીય પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિએ ફેરને વધુ મહત્ત્વ આપ્યું હતું.

જ્ઞાન અને ક્ષમતા નિર્માણના દૃષ્ટિકોણે પણ NTTF મહત્ત્વપૂર્ણ સાબિત થયો છે. કુલ 7 મહત્ત્વપૂર્ણ સેમિનાર અને સત્રો યોજાયાં હતા, જેમાં 15,000થી વધુ લોકો સીધા લાભાર્થી બન્યા હતા. આ સત્રોમાં ઉદ્યોગસાહસિકતા, MSME, આદિવાસી બિઝનેસ, સ્કિલ ડેવલપમેન્ટ અને માર્કેટ એક્સેસ જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ડિજિટલ અને મીડિયા પહોંચની વાત કરીએ તો સોશિયલ મીડિયા અને YouTube મારફતે 1.5 કરોડથી વધુ લોકોએ NTTFને નિહાળ્યું હતું. આ કારણે NTTF ભારતના સૌથી વધુ જોવાયેલા આદિવાસી કેન્દ્રીત ઈવેન્ટ્સમાં સ્થાન પામ્યું છે. ફેરમાં દેશના 12થી વધુ રાજ્યોની ભાગીદારી જોવા મળી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### શિયાલજ નજીક સાંકડા પુલ અને ખાડાને કારણે પ્રજાને હેરાનગતિ



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ સુરત જિલ્લાના કોસંબા નજીકથી પસાર થતો નેશનલ હાઈવે નં.48 છેલ્લા લાંબા સમયથી વાહનચાલકો અને સ્થાનિક જનતા માટે મુસીબત સમાન બન્યો છે. વારંવાર સર્જાતા અકસ્માતોમાં નિર્દોષ લોકોના જીવ જઈ રહ્યા છે અને કલાકો સુધી લાગતા ટ્રાફિકજામને કારણે જનતા તોબા પોકારી ઊઠી છે. આ ગંભીર સમસ્યા અંગે ખેડૂત આગેવાન કેતન ભટ્ટ સહિતના જાગૃત નાગરિકોએ હાઈવે ઓથોરિટીની નિષ્ક્રિયતા સામે રોષ વ્યક્ત કરી માંગરોળના મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું છે. આવેદનપત્રમાં રજૂઆત કરવામાં આવી છે કે, શિયાલજ અને નરોલી ગામની સીમમાં એક્સપ્રેસ-વેના કામને કારણે મુંબઈ તરફ જતો ટ્રાફિક હાઈવે પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે. વળી, શિયાલજ નજીકનો હાઈવેનો પુલ અત્યંત સાંકડો છે અને તેના પર પડેલા મોટા ખાડાઓને કારણે વાહનવ્યવહાર કાચબા ગતિએ ચાલી રહ્યો છે. કરોડો રૂપિયાનો ટોલટેક્સ ઉઘરાવતી એજન્સીને હાઈવેના સમારકામમાં કોઈ રસ ન હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

### પાંડેસરાની શિવશક્તિ ફૂડ્સ કંપનીને લોટનાં બાકી નાણાં ચૂકવવા હુકમ

પલસાણાઃ ચલથાણ સ્થિત શક્તિ ફૂડ્સ દ્વારા પાંડેસરા GIDCની શિવશક્તિ ફૂડ્સ પ્રોડક્ટ્સને વર્ષ 2023-24 દરમિયાન આશરે 21 લાખનો ઘઉંનો લોટ ઉધાર વેચવામાં આવ્યો હતો. આ વ્યવહાર પેટે જાન્યુઆરી 2024માં અપાયેલા વિવિધ બિલોની કુલ 2,58,200ની રકમ બાકી નીકળતી હતી. પ્રતિવાદીએ આ રકમ ચૂકવવા માટે આપેલા ત્રણ ચેકો બેંકમાંથી પરત ફર્યા હતા. ત્યારબાદ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફરિયાદ થતા પ્રતિવાદીએ 21,000 ચૂકવ્યા હતા, પરંતુ બાકીના 2,37,200 ચૂકવ્યા ન હતાં. પલસાણા કોર્ટના જજ જે.જે. આહુજાએ આ સમરી સ્યુટની સુનાવણી દરમિયાન નોંધ્યું હતું કે પ્રતિવાદીને તેમનો પક્ષ રાખવા માટે પૂરતો સમય અને તક આપવામાં આવી હતી. જોકે, પ્રતિવાદી કોર્ટના આદેશ મુજબ રકમ જમા કરાવવામાં અથવા કેસ લડવામાં નિષ્ફળ રહ્યા હતા. કોર્ટે વાદીના પુરાવા અને એફિડેવિટને ધ્યાને રાખીને ઠરાવ્યું હતું કે વાદી આ રકમ મેળવવા હકદાર છે. કોર્ટે આદેશમાં જણાવ્યું છે કે પ્રતિવાદીએ 2,37,200ની મૂળ રકમ ઉપરાંત, ચુકાદાની તારીખ (31 ડિસેમ્બર 2025) થી વાર્ષિક 6% લેખે વ્યાજ અને કેસનો ખર્ચ વાદીને ચૂકવવો પડશે.

### પલસાણામાં બે યુવક પર ચપ્પુ વડે હુમલો

પલસાણાઃ પલસાણાની કીર્તિપ્રદા ફેશન કંપનીના ગેટ પાસે ૩૧ ડિસેમ્બરે રાત્રે આશરે સાડા આઠ વાગ્યાના સુમારે પૂર્વ કર્મચારી શૈલેષકુમાર અને સિક્યુરિટી ગાર્ડ મનોજ રાય (રહે.,મકાન નં.૧૦૩, શ્રીનિવાસ સોસાયટી, કડોદરા, તા. પલસાણા) વચ્ચે તકરાર થઈ હતી. જેથી મનોજ રાયે પોતાના પુત્ર સુમિત રાયને ફોન કરી બોલાવતાં તે રાત્રે સવા નવ વાગ્યાની આસપાસ ચાકુ લઈને કંપનીના ગેટ પર ધસી આવ્યો હતો. અને કંપનીના ઈનચાર્જ સંદીપકુમાર રાય (રહે. અંબિકા નગર, મનીષભાઇ શાહની બિલ્ડિંગ, ચોથો માળ, ચલથાણ) અને તેમના સાથી કર્મચારી અમિત દુબેને ચપ્પુના ઘા મારી દીધા હતાં. સંદીપકુમારને ડાબા થાપાના ભાગે અને નાક પર ઈજા પહોંચી હતી. જ્યારે અમિત દુબેને ડાબા હાથના પંજામાં અને પગના ભાગે ચપ્પુ વાગતાં ગંભીર ઈજા થઈ હતી. હુમલા બાદ આરોપી સુમિત રાય ઘટના સ્થળેથી નાસી છૂટ્યો હતો. બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક કડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે, અમિત દુબેનું લોહી નીકળવાનું બંધ ન થતાં તેને વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે કડોદરા G.I.D.C. પોલીસે ગુનો નોંધી આરોપી પિતા-પુત્ર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

### બેડકૂવા દૂર ગામે આડા સંબંધના વહેમમાં પતિએ પત્નીને ફટકારી

વ્યારાઃ વ્યારાના બેડકૂવા દૂર ગામે પોતાના પિતા સાથે રહેતી 27 વર્ષીય પરિણીતા સાથે પતિ સમીર શશીકાંત શાહ (રહે.,ખોડતળાવ, તા.વ્યારા)ના સાતેક વર્ષ અગાઉ પ્રેમસંબંધ બંધાતાં પરિણીતા 2 વર્ષ સુધી પતિ સમીર શાહ સાથે રહી હતી. જો કે, વારંવાર પતિ સમીર સાથે ઝઘડા થતાં પરિણીતા પોતાનાં બે સંતાન સાથે બેડકૂવા દૂર ગામે પિતાને ત્યાં રહે છે. પત્નીને પતિએ આડા સંબંધના વહેમમાં વારંવાર ઝઘડો કરી માર મારતાં પત્નીએ કાકરાપાર પોલીસ મથકે પતિ સામે ફરિયાદ આપી હતી.